# માર્ચ

# ૨૦૧૭

# બજેટ વિશેષાંક

- બજેટ ૨૦૧૭-૧૮

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# માર્ચ ૨૦૧૭

**પરીક્ષાલક્ષી,**

**મોસ્ટ IMP,**

**ટુ ધ પોઈન્ટ**

**કરન્ટ અફેર્સ**

**એટલે**

**crackgpsc.com**

**ગમે ત્યાં, ગમે ત્યારે તૈયારી કરવા 'Crack GPSC' એપ ડાઉનલોડ કરવાનું ના ભૂલતા...**



# Most Imp Current Affairs – March 2017

- ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકે (IPPB) રાયપુર અને રાંચીમાં પોતાની પાયલોટ સેવા શરુ કરવા સાથે પોતાનું સંચાલન શરુ કર્યું.
- ડિજીટલ પેમેન્ટ એપ 'BHIM' (ભારત ઇન્ટરફેસ ફોર મની)ને આધાર સાથે જોડવામાં આવી, જેનાથી યુઝર્સ આધાર નંબર દ્વારા પૈસાની લેવડદેવડ કરી શકશે.
- ભારતીય અભિનેત્રી પ્રિયંકા ચોપડા હાર્પર્સ બાઝારની '150 મોસ્ટ ફેશનેબલ વીમેન' સુચિમાં સામેલ.
- દુષ્યંત ચૌટાલા ભારતીય ટેબલ ટેનિસ મહાસંઘ(TTFI)ના અધ્યક્ષ નિયુક્ત. ચૌટાલા આ સંસ્થાના સૌથી યુવા અધ્યક્ષ બન્યા.
- અમિત મિશ્રા ટી-20માં 200 વિકેટ લેનાર બીજા ભારતીય બોલર બન્યા. પહેલા ભારતીય બોલર રવિચંદ્રન અશ્વિન છે.
- સુઝેન કેફેલે ઓસ્ટ્રેલિયાની હાઈ કોર્ટનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા.
- સ્વીત્ઝરલૅન્ડના રોજર ફેડરરે સ્પેનના રાફેલ નડાલને હરાવીને પોતાનો 18મો ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ એકલ ખિતાબ જીત્યો.
- ઓલિમ્પિક રજત ચંદ્રક વિજેતા પી. વી. સિંધુએ પ્રથમ વખત સૈયદ મોદી ગ્રાં.પ્રી. ગોલ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સ ખિતાબ જીત્યો.
- વર્ષ 2016 માટે સીઝનની ફેવરેટ 'લા લા લેન્ડે' સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મ માટે પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ અમેરિકા (PGA)નો ડેરિલ એફ જાનુક એવોર્ડ જીત્યો.
- સાનિયા મિર્ઝા અને દાર ઇવાન ડોડીગ ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટની મિશ્રિત યુગલ ફાઈનલમાં અમેરિકાની એબીગેલ સ્પીયર્સ અને કોલંબિયાના જુઆન સેબેસ્ટીયન કાબેલની જોડીથી હારી ગયા.
- હોલીવુડ ફિલ્મ નિર્માતા તથા વિમ્બલડન ખેલાડી રહી ચૂકેલ અશોક અમૃતરાજ ભારતમાં સંયુક્ત રાષ્ટ્રોના સતત વિકાસ લક્ષ્યો માટે સદભાવના રાજદૂત નિયુક્ત.
- સુપ્રીમ કોર્ટે BCCIના સંચાલન માટે ભૂતપૂર્વ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (CAG) વિનોદ રાયની અધ્યક્ષતા હેઠળ ચાર સભ્યોની એડમિનિસ્ટ્રેટર સમિતિની રચના કરી.
- ચાડના વિદેશ મંત્રી મૂસા ફાકિ મહામત, આફ્રિકન યુનિયન (AU) આયોગના અધ્યક્ષ ચૂંટાયા.

crackgpsc.com




www.crackgpsc.com

- કેબ બુકીંગ સેવા આપનાર ઉબેરે હૈદરાબાદમાં પોતાની બાઈક-શેરીંગ સેવા ‘ઉબરમોટો’ શરૂ કરી.
- અમુલ્ય કુમાર પટનાયક દિલ્હીના નવા પોલિસ કમિશનર નિયુક્ત.
- શહેરી વિકાસ મંત્રાલયે અભિનેત્રી અનુષ્કા શર્માને સ્વચ્છ ભારત અભિયાનની રાજદૂત નિયુક્ત કરી.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ જલ્લીકટ્ટુ વિધેયકને મજુરી આપી.
- હિંદુજા વેંચર્સે પોતાના પૂર્ણકાલીન નિદેશક અશોક મનસુખાનીને બઢતી આપીને નવા MD અને CEO નિયુક્ત કર્યા.
- દિલ્હી પોલીસના ભૂતપૂર્વ કમિશનર આલોક કુમાર વર્માએ CBIના નિદેશકનો પદભાર ગ્રહણ કર્યો.

- કાર નિર્માતા ટેસ્લાએ કેલિફોર્નીયામાં દુનિયાના સૌથી મોટા બેટરી સ્ટોરેજ પ્લાન્ટનું અનાવરણ કર્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયામાં યોજાનાર સેંટ પીટ્સબર્ગ આંતરરાષ્ટ્રીય આર્થિક મંચ પર 'ગેસ્ટ ઓફ ઓનર' થશે.
- વિશ્વ બેંકે ભારતમાં ગુણવત્તાયુક્ત એન્જીનિયરીંગના શિક્ષણ તરફ 20 કરોડ 15 લાખ ડોલર્સની લોન આપવા માટે ભારત સરકાર સાથે સમજુતી કરાર કર્યા.
- પીવીકે રેડ્ડીને રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)ના નવા ડિરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા.
- ક્સોન મોબિલના ભૂતપૂર્વ અધ્યક્ષ તથા મુખ્ય કાર્યકારી રેક્સ ટિલરસને અમેરિકાના વિદેશ મંત્રી તરીકે શપથ લીધા.
- ભારતીય લેગ સ્પિનર યુજવેન્દ્ર ચહલ, આંતરરાષ્ટ્રીય T-20 મેચની એક ઇનિંગમાં 6 વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યા.
- આવકવેરા વિભાગે વિમુદ્રીકરણ દરમ્યાન જમા કરવામાં આવેલ મોટી રકમનું વિશ્લેષણ કરવા માટે એક ઈ-મંચ ઓપરેશન ક્લીન મની (સ્વચ્છ ધન અભિયાન)નો શુભારંભ કર્યો.
- 19મા ભારત રંગ મહોત્સવ (રાષ્ટ્રીય રંગમંચ મહોત્સવ)નો નવી-દિલ્હીમાં શુભારંભ થયો.
- ભારતીય રેલવેએ પોતાની સુરક્ષાને સુધારવા માટે ઇટાલિયન રેલવેઝ સાથે એક સમજુતી કરી.
- આઈસીસીની લેટેસ્ટ ટી-20 રેન્કિંગમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી દુનિયાના નંબર વન બેટ્સમેન.
- ચીને ડાંગફેંગ-5સી મિસાઈલની નવી આવૃત્તિનું પરીક્ષણ કર્યું જે એક સાથે દસ પરમાણુ મુખાસ્ત્રો લઇ જવા સક્ષમ છે.
- ચેમ્પિયન ક્યૂ ખેલાડી પંકજ આડવાણીએ રાષ્ટ્રીય સ્નૂકર ચેમ્પિયનશિપ જીતી.
- ઉત્તરાખંડના 15 વર્ષીય લક્ષ્ય સેને BWF વિશ્વ જુનિયર બેડમિન્ટનની નવીનતમ રેન્કિંગમાં પ્રથમ સ્થાન મેળવીને ઈતિહાસ રચ્યો.
- શ્રીલંકામાં ઐતિહાસિક માહિતી અધિકાર કાનૂન (આરટીઆઈ) લાગૂ થયો.
- બ્રિટનના રાજકુમાર ચાર્લ્સે ભારતીય ખેડૂતો માટે એક નવી ડિજીટલ ગ્રીન એપની શરૂઆત કરી. આથી ખેડૂતોને પોતાનો પાક ઓનલાઈન વેચવામાં મદદ મળશે.
- ખેલ મંત્રી વિજય ગોયલે સેક્ટર 25, ગાંધીનગર, ગુજરાતમાં પેરા એથ્લીટો માટે સમર્પિત દેશના પ્રથમ તાલીમ કેન્દ્રની આધારશિલા સ્થાપી.

crackgpsc.com

- અમેરિકાના વૈજ્ઞાનિકો દ્વારા દુનિયાના સૌથી નાના પેસમેકર, માઈક્રા ટ્રાન્સકાથેનેર પેસિંગ પ્રણાલી (TPS)નું સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યું.
- આયુષ મંત્રાલયે યોગ પ્રોટોકોલ દ્વારા ડાયાબિટીસ નિયંત્રણ માટે ડૉ. એચ આર નાગેન્દ્રના નેતૃત્વમાં 16 સદસ્યોની સમિતિ રચી.
- વી કે શશિકલાને અન્નામુદ્રક વિધાયક દળ દ્વારા દળના નેતા તથા તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે ચૂંટવામાં આવ્યાં.
- હોંગકોંગમાં થયેલ એશિયન જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં છોકરાઓની ટીમ સ્પર્ધામાં ભારતે સુવર્ણ ચંદ્રક જીત્યો.
- 1 એપ્રિલ 2017થી 3 લાખ રૂપિયાથી વધુથી કોઈ પણ રોકડ લેવડદેવડ પર એટલી જ રકમનો દંડ કરવામાં આવશે.
- ઇંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન એલિસ્ટેયર કુકને કમાન્ડર ઓફ ધ મોસ્ટ એકસેલન્ટ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયરથી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે સૌથી વધુ ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડનું નેતૃત્વ કર્યુ છે.
- વિરાટ કોહલી, સચિન તેન્ડુલકર પછી બ્રિટનમાં પ્રકાશિત થનાર વાર્ષિક ક્રિકેટ પુસ્તક, વિઝડન ક્રિકેટર્સ અલ્માનકના કવર પર છવાઈ જનાર બીજા ભારતીય બન્યાં.
- ઈરાને મધ્યમ શ્રેણીની એક ક્રુઝ મિસાઈલ 'સુમાર'નું પ્રક્ષેપણ કર્યું જે પરમાણુ હથિયારોને લઇ જવા સક્ષમ છે.
- ભારતીય મોટર સ્પોર્ટ્સ ક્લબ મહાસંઘે (MMSCI) પાંચ વખતના રાષ્ટ્રીય રેલી ચેમ્પિયન ગૌરવ ગિલને વર્ષના સર્વશ્રેષ્ઠ મોટર સ્પોર્ટ્સ ખેલાડીના પુરસ્કારથી સન્માનિત કર્યા.
- પ્રવિણ મહાજનને 2020 સુધી અખિલ ભારતીય ટેનિસ સંઘ (AITA)ના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા.
- ભૂતપૂર્વ CBI પ્રમુખ જોગિન્દર સિંઘનું નિધન થઇ ગયું.
- ભારતની અગ્રણ્ય વાહન નિર્માતા કંપની ટાટા મોટર્સે નવી ઉપ-બ્રાન્ડ ટૈમો લોન્ચ કરવાની ઘોષણા કરી. જે હેઠળ 2017 સુધી આવનાર સમય પ્રમાણે કાર રજુ કરશે.
- ભારતીય મૂળના પ્રસિદ્ધ બ્રિટિશ મૂર્તિકાર અનીશ કપૂરને યહૂદી મૂલ્યોને લઈને તેમની પ્રતિબદ્ધતા માટે ઇઝરાયેલના પ્રતિષ્ઠિત જેનેસિસ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- ભારત આગામી ચાર વર્ષ સુધી વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપની મેજબાની કરશે.
- ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે (GSRTC) મોબાઈલ પેમેન્ટ કંપની મોબિક્વિક સાથે પોતાની 8000 યાત્રી બસોના કાફલામાં ડિજીટલ ટિકિટનું પેમેન્ટ શરુ કરવા માટે ભાગીદારી કરી.

crackgpsc.com

- પ્રસાર ભારતીમાં સભ્ય (ફાયનાન્સ) રાજીવ સિંહે દેશના જનસેવા પ્રસારકના કાર્યવાહક CEO તરીકે કાર્યભાર સંભાળ્યો.
- મહિલાઓના સશક્તિકરણના હેતુથી આંધ્રપ્રદેશ વિધાનસભા અમરાવતીમાં મહિલાઓની પ્રથમ સંસદની મેજબાની કરશે.
- ભારત તથા ઓસ્ટ્રીયાએ પોતાની વર્તમાન દ્વિપક્ષીય કરાધાન સંધિમાં સુધારા પર સહમતિ દર્શાવતા પ્રોટોકોલ હસ્તાક્ષર કર્યા.
- રિઝર્વ બેંકે પોતાની છઠ્ઠી દ્વિમાસિક મોનેટરી પોલિસીની સમીક્ષામાં રેપો રેટ 6.25% પર અપરિવર્તિત રાખ્યો.
- ટાટા સન્સના ડેઝીગ્નેટેડ ચેરમેન એન. ચંદ્રશેખરનની ટાટા સ્ટીલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ચેરમેન તરીકે પસંદગી. તેઓ હાલમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝના મુખ્ય અધિકારી અને મેનેજિંગ ડિરેક્ટર પણ છે.
- દક્ષિણ પશ્ચિમ દિલ્હીનું સુરખપુર ગામ રાષ્ટ્રીય રાજધાનીનું પ્રથમ પૂર્ણ ડિજીટલ પેમેન્ટ ઇનેબલ્ડ ગામ બન્યું.
- જોવેનેલ મોઈસે હૈતીના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હશે.
- બિમસ્ટેક સભ્યોના રાષ્ટ્રીય સુરક્ષા પ્રમુખોની પ્રથમ બેઠકની ભારત મેજબાની કરશે.
- સૌરભ વર્માએ 81મી સિનીયર બેડમિન્ટન રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- ઓરિસ્સા સરકારે ભુવનેશ્વરમાં 14મા પુરુષ હોકી વિશ્વકપ 2018ની મેજબાનીના પ્રસ્તાવને મંજુરી આપી.
- કેનેડાના અલબર્ટા વિશ્વવિદ્યાલયની હોસ્પિટલમાં ન્યૂરો સર્જન ડૉ. શાવ્ના પંડ્યાની એક અંતરિક્ષ મિશન માટે પસંદગી. આ સાથે જ તેઓ અંતરિક્ષમાં જનાર ભારતીય મૂળનાં ત્રીજાં મહિલા બનશે.
- ગૃહ મંત્રાલયમાં વરિષ્ઠ સુરક્ષા સલાહકાર, કે. વિજય કુમાર દ્વારા લેખિત ‘વીરપ્પન, ચેઝિંગ ધ બ્રિગેંડ’ નામની પુસ્તકનું વિમોચન થયું.
- નેશનલ સ્ટોક એક્સચેન્જે IDFC IDFCના પ્રમુખ વિક્રમ લિમાએને પોતાના નવા MDMD & CEOCEO નિયુક્ત કર્યા.
- સર્જન પી રઘુ રામ સામાજીક મેડીકલ રાહત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સેવા બદલ પ્રતિષ્ઠિત ડૉ. બી સી રોય રાષ્ટ્રીય પુરસ્કાર 2016થી સન્માનિત.
- સોમાલિયાના ભૂતપૂર્વ વડાપ્રધાન મોહમ્મદ અબ્દુલ્લાહી ફરમાજોએ દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.

- અમરિકાના આગામી એટર્ની જનરલ તરીકે જેફ સેશંસના નામની પુષ્ટિ કરવામાં આવી.
- ઓલાએ બદ્રી રાઘવનને પોતાના મુખ્ય ડેટા વૈજ્ઞાનિક નિયુક્ત કર્યા.
- રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ 12 ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવ્યો. આનો વિષય 'From Waste to Profits-through Reduce, Recycle and Reuse' હતો.
- સરકારે ભારતીય રિઝર્વ બેંકના અધિકાર સંપન્ન કેન્દ્રીય બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ત્રણ બિન-સરકારી ડિરેક્ટર્સ- અશોક ગુલાટી, મનીષ સભરવાલ અને રાજીવ કુમારની નિયુક્તિ કરી.
- હેમંત ભાર્ગવને LIC ના MD (મેનેજિંગ ડાયરેક્ટર) નિયુક્ત કરવામાં આવ્યા.
- ભારતીય ફૂટબોલ ટીમ લેટેસ્ટ વિશ્વ ફીફા રેન્કિંગમાં એક સ્થાન ખસીને 130મા સ્થાને પહોંચી ગઈ.
- વિરાટ કોહલી સતત ચાર ટેસ્ટ સીરીઝમાં ડબલ સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બનીને સર ડોનાલ્ડ બ્રેડમેન અને રાહુલ દ્રવિડને પાછળ કરી દીધા.
- 13 ફેબ્રુઆરી : વર્લ્ડ રેડિયો ડે. 2011માં યુનેસ્કોએ 13 ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. પ્રથમ વાર વિશ્વ રેડિયો દિવસ સત્તાવાર રીતે વર્ષ 2012 માં ઉજવવામાં આવ્યો.
- નાણા મંત્રાલયમાં અધિક સચિવ, અજય ત્યાગી સેબીના નવા અધ્યક્ષ નિયુક્ત. તેઓ 1 માર્ચના રોજ યુ. કે. સિંહા પાસેથી પદભાર ગ્રહણ કરશે.
- ટાટા ગૃપની કંપની ટાટા પાવરે નટરાજન ચંદ્રશેખરનને પોતાના ચેરમેન અને અધિક નિદેશક નિયુક્ત કર્યા.
- પ્રખ્યાત રેત કલાકાર સુદર્શન પટનાયકે વિશ્વના સૌથી ઊંચા રેતના મહેલનું નિર્માણ કરીને ગિનીઝ વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો. આ મહેલ 48 ફૂટ અને 8 ઇંચ લાંબો છે.
- દક્ષિણ આફ્રિકન બેટ્સમેન હાશિમ અમલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 50 સદી પૂર્ણ કરનાર દુનિયાના સાતમા બેટ્સમેન બન્યા. સચિન તેંદુલકર 100 સદી સાથે ટોચ પર છે.

Current InShort
Most IMP and up to date
Current affairs in SHORT
for all Competitive Exams.
Download app Now
www.crackgpsc.com

ગુજરાતી, हिन्दी, English : ત્રણ ભાષામાં કરન્ટ અફેર્સ આપતી પ્રથમ એપ્લીકેશન

- ભારતની પ્રથમ રાષ્ટ્રીય મહિલા સંસદ, અમરાવતી, આંધ્રપ્રદેશમાં શરુ થઇ.
- દક્ષિણ આફ્રિકાના ક્વિંટન ડી કાક, વન ડે ઇન્ટરનેશનલમાં સૌથી ઝડપથી 3000 રન બનાવનાર વિકેટ કીપર બેટ્સમેન બન્યા.
- હરિયાણાએ પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓલ ઇન્ડિયા નેશનલ સ્ટાઈલ કબ્ડ્ડી ચેમ્પિયનશિપની પ્રથમ આવૃત્તિનો ખિતાબ જીત્યો.
- કેન્દ્ર સરકાર સાર્વજનિક ક્ષેત્રની બેંકોના પુનઃમૂડીકરણ માટે એક વ્યાપક યોજના 'ઇન્દ્રધનુષ 2.0'ની શરૂઆત કરશે.
- એએડી ઇન્ટરસેપ્ટર મિસાઈલ 'અશ્વિન'નું ઓરિસ્સા તટેથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું. DRDO (રક્ષા સંશોધન અને વિકાસ સંગઠન) દ્વારા વિકસિત આ મિસાઈલ પૃથ્વીના વાયુમંડળથી 50 કિ.મી. ઉપર બાહ્ય વાયુમંડળમાં સ્થિત લક્ષ્યો પર ચોક્કસ નિશાન તાકી શકે છે.
- કેન્દ્ર સરકાર રક્ષા ખરીદની લાંબી પ્રક્રિયાને કારગર અને એકીકૃત કરવા માટે એક ડીપીઓ (Defence Procurement Organisation) સ્થાપિત કરશે.
- ભારતે પાકિસ્તાનને નવ વિકેટથી હરાવીને બીજી વખત T-20 દ્રષ્ટિબાધિત વિશ્વ કપનો ખિતાબ જીત્યો.
- ભૂતપૂર્વ વિદેશમંત્રી ફ્રેંક-વોલ્ટર સ્ટેન્મીયરને જર્મનીના નવા રાષ્ટ્રપતિ ચૂંટવામાં આવ્યા.
- ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયાએ નીલેશ શિવજી વિકમ્સેને પોતાના નવા અધ્યક્ષ અને નવીન એન ડી ગુપ્તાને ઉપાધ્યક્ષ ચૂંટ્યા.
- અર્જુન માદાથિલ રામચંદ્રન અને રામચંદ્રન શ્લોકની યુવા ભારતીય યુગલ જોડીએ 26મા ઈરાન ફઝ બેડમિન્ટન ટુર્નામેન્ટનો પુરુષ યુગલ ખિતાબ જીત્યો.
- 'લા લા લેન્ડે' 70મા બ્રિટીશ એકેડમી ઓફ ફિલ્મ અને ટેલિવિઝન આર્ટ્સ (બાફટા) પુરસ્કારોમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મ પુરસ્કાર સહીત પાંચ પુરસ્કાર જીત્યા અને દેવ પટેલની 'લાયન' માટે સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે પસંદગી.
- દિવંગત ગાયક ડેવિડ બોવીના 25મા અને અંતિમ સ્ટુડિયો આલ્બમ 'બ્લેકસ્ટાર'ને પ્રતિષ્ઠિત 59મા ગ્રેમી એવોર્ડ્સમાં પાંચ પુરસ્કાર મળ્યા.
- પ્રિયંકા ચોપડા નિર્મીત મરાઠી ફિલ્મ વેન્ટીલેટરે 15મા પુણે આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં સર્વશ્રેષ્ઠ પટકથાનો પુરસ્કાર જીત્યો.
- સંદીપ જજોડિયા એસોસીએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઓફ ઇન્ડિયા (એસોચેમ)ના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત.
- તહમીના જાંજુઆ પાકિસ્તાનનાં પ્રથમ મહિલા વિદેશ સચિવ તરીકે નિયુક્ત.

crackgpsc.com

- રોકાણ બેંકર અને ગોલ્ડમેન સાક્સના ભૂતપૂર્વ પદાધિકારી સ્ટીવન મનુચિને અમેરિકાના નવા નાણા મંત્રી તરીકે શપથ લીધા.
- યુવા ભારતીય રેસર જેહાન દારૂવાલાએ ન્યુઝીલેન્ડ ગ્રાં પ્રી જીતી.
- લોકતક પ્રાથમિક ફ્લોટિંગ સ્કુલ નામની ભારતની પ્રથમ તરતી પ્રાથમિક શાળાનું મણીપુરના લોક્તક સરોવર પર તરતા ગામ, ચમ્પૂ ખાન્ગપોકમાં ઉદઘાટન કરાયું.
- ઈસરોએ એક જ રોકેટ-PSLV સી37ના માધ્યમથી 104 ઉપગ્રહોનું સફળ પ્રક્ષેપણ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
  - ✓ આમાં 3 ભારતીય અને અન્ય 101 આંતરરાષ્ટ્રીય હતા.
  - ✓ આમાં સૌથી વધારે 96 ઉપગ્રહો અમેરિકાના  છે.
  - ✓ ઈસરો 36 વર્ષમાં જ એક સાથે 104 સેટેલાઈટ લોન્ચ કરવા સુધી પહોંચી ગયું જ્યારે અમેરિકાને 29, રશિયાને 37 સેટેલાઈટ લોન્ચ કરવામાં 57 વર્ષ લાગ્યાં હતાં.
  - ✓ પોલર સેટેલાઈટ લોન્ચ વ્હિકલનું આ 39મું મિશન હતું.
  - ✓ આ મિશન હેઠળ જે પ્રમુખ ભારતીય સેટેલાઈટ્સને લોન્ચ કરવામાં આવ્યા તે કાર્ટોસેટ-2 સિરિઝના છે.
  - ✓ 103 નેનો સેટેલાઈટનું કુલ વજન લગભગ 664 કિલો છે. જ્યારે ભારતીય ઉપગ્રહ કાર્ટોસેટ-2નું વજન 714 કિલો છે. એટલે કે તમામ 104 સેટેલાઈટનું કુલ વજન 1,387 કિલો છે. બે ભારતીય ઉપગ્રહ આઈએનએસ 1એ અને આઈએનએસ 1બીનું વજન અનુક્રમે 15-15 કિલો છે.
- શાહરૂખ ખાનને ચોથા યશ ચોપડા સ્મૃતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.
- ભારત અને ક્રોએશિયાએ આર્થિક સહયોગ માટે સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા.
- દોડવીર ઉસેન બોલ્ટે લોરેસ વિશ્વ પુરસ્કાર સમારોહમાં ચોથી વખત 'સ્પોર્ટ્સમેન ઓફ ધ યર' એવોર્ડ જીત્યો જ્યારે જીમ્નાસ્ટ સિમોન બાઈલ્સે મહિલા વર્ગમાં આ સન્માન મેળવ્યું.
- ફ્રાન્સના જીન પિયરે લાક્રોઇક્સ સંયુક્ત રાષ્ટ્રના શાંતિ અભિયાનોના અન્ડર સેક્રેટરી જનરલ નિયુક્ત કરવામાં આવ્યા.
- પાકિસ્તાને પ્રવર્તમાન વિદેશ સચિવ એઝાઝ અહમદ ચૌધરીને અમેરિકામાં પોતાના નવા રાજદૂત નિયુક્ત કર્યા.
- નોર્મન ઇઝાક, ઇન્ટરનેશનલ બાસ્કેટ બોલ ફેડરેશન (ફીબા) દ્વારા ટેકનિકલ ડેલીગેટ (ટીડી) તરીકે બઢતી મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.
- મુંબઈ અને નવી દિલ્હીની પ્રથમ વાર દુનિયાની 100 કયુએસ સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી શહેરોની રેન્કિંગમાં વિદ્યાર્થીઓ માટે સૌથી સારા શહેરોમાં પસંદગી.

crackgpsc.com

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજ વન ડેમાં 5,500 રન પુરા કરનાર બીજી મહિલા ખેલાડી બની. ટોચ પર ઇંગ્લેન્ડની કેપ્ટન રહેલ શેર્લોટ એડવર્ડ (Charlotte Edward) છે.
- અમેરિકન રીસર્ચ સંસ્થા 'ધ હેરીટેજ ફાઉન્ડેશન'ની ઇન્ડેક્સ ઓફ ઇકોનોમિક ફ્રીડમ અનુસાર, આર્થિક સ્વતંત્રતાના એક વાર્ષિક સૂચકાંકમાં ભારત 143મા સ્થાને રહ્યું.
- સરકારે SBISBI તથા તેની પાંચ સહયોગી બેંકોના વિલયની યોજનાને સૈદ્ધાંતિક મંજુરી આપી.
- વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરૂપ કેનેડામાં ભારતના હાઈ કમિશનર નિયુક્ત.
- 'રો'ના ભૂતપૂર્વ પ્રમુખ રાજિન્દર ખન્ના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (એનએસસીએસ) ના વિશેષ કાર્યાધિકારી (ઓએસડી) નિયુક્ત.
- દૂરસંચાર કંપની ભારતી એરટેલે ઓગેરે વાયરલેસનું અધિગ્રહણ પૂર્ણ કર્યું.
- સંયુક્ત આરબ અમીરાત 'માર્સ 2117' યોજના અંતર્ગત આવનાર 100 વર્ષોમાં મંગળ ગ્રહ પર પ્રથમ વાર શહેરનું નિર્માણ કરશે.
- પ્રખ્યાત હિન્દી વિદ્વાન, સાહિત્યકાર અને નાટકકાર સુરેન્દ્ર વર્માની નવલકથા 'કાટના શમી કા વૃક્ષ : પદ્મ પંખુડી કી ધાર સે' માટે વ્યાસ સન્માન 2016 માટે પસંદગી.
- એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને પછાડી દેશની બીજી સૌથી મુલ્યવાન કંપની બની ગઈ. ટાટા કન્સલ્ટેન્સી સર્વિસીઝ પ્રથમ ક્રમે.
- લતા મંગેશકરને બ્રાન્ડ લોરેટ દ્વારા 'પૌરાણિક પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં.
- હિંદુ મેરેજ બિલ-2017, જે પાકિસ્તાનમાં હિંદુ સમુદાયનો પ્રથમ ખાનગી કાયદો છે, તેને સેનેટ દ્વારા અપનાવવામાં આવ્યું.
- ઈસરોએ ભારતના સૌથી મોટા સ્વદેશ વિકસિત ક્રાયોજેનિક અપર સતેજ એન્જીન GSLV માર્ક IIIનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- દેશમાં અત્યાધુનિક સુવિધાઓથી યુક્ત કાર નિર્માણ માટે ટાટા મોટર્સે માઈક્રોસોફ્ટ સાથે સમજુતી કરવાની ઘોષણા કરી.
- આગામી એક એપ્રિલથી બે લાખ રૂપિયાથી વધારે મૂલ્યનાં ઘરેણાની ખરીદી પર 1%ના સ્રોત પર કર એટલે કે TCS આપવાનો રહેશે. વર્તમાન સીમા 5 લાખ રૂપિયા છે.
- ભારતીય મહિલા ટીમે એશિયન રગ્બી સેવન્સ ટ્રોફીમાં રજત ચંદ્રક જીત્યો. સાઉથ કોરિયાએ ભારતને હરાવ્યું.
- ભારતીય તટરક્ષક ફોર્સના જહાજ આઈસીજીએસ આયુષનું કોચ્ચિ, કેરળમાં જલાવતરણ કરવામાં આવ્યું.

- બીએસએફે પતંજલિ સાથે સમજુતી પર હસ્તાક્ષર કર્યા. જે મુજબ બીએસએફ પરિસરોમાં BWWA પતંજલિ દુકાનો ખોલવામા આવશે.
- સુપ્રીમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિયુક્તિ સાથે કોર્ટમાં કાર્યરત ન્યાયાધીશોની સંખ્યા 28 થઇ.
- ભારત 2016માં અમેરિકન સરકારની સિક્યુરિટીઝમાં રોકાણ કરનાર 12મો મોટો દેશ બન્યો. જાપાન પ્રથમ સ્થાને.




crackgpsc.com

- પાકિસ્તાની ક્રિકેટર શાહિદ આફ્રીદીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લેવાની ઘોષણા કરી.
- નાગાલેન્ડના મુખ્યમંત્રી ટી આર જેલિયાંગે રાજ્યના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું.

- રામ કમલ મુખરજી દ્વારા લેખિત 'હેમા માલિની : બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ' નામના પુસ્તકનું ઓક્ટોબરમાં વિમોચન કરવામાં આવશે.
- રાજનૈતિક વ્યંગ ફિલ્મ 'ન્યુટન'એ 67મા બર્લિન ફિલ્મોત્સવમાં 'ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ આર્ટ સિનેમાઝ' પુરસ્કાર જીત્યો.
- વરિષ્ઠ પત્રકાર રાજ ચેંગપ્પાને ફરી એક વાર એડિટર્સ ગિલ્ડ ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા.
- જાપાનની સકુરા મોરીએ આઈટીટીએફ વિશ્વ ટુર ઇન્ડિયા ઓપન ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો મહિલા એકલનો ખિતાબ જીત્યો.
- 'રાઈટર્સ ગિલ્ડ ઓફ અમેરિકા એવોર્ડ' (ડબ્લ્યુજીએ)માં ફિલ્મ 'મૂનલાઈટ'એ સર્વશ્રેષ્ઠ મૂળ પટકથાનો જયારે વિજ્ઞાન આધારિત ફિલ્મ 'અરાઈવલ'એ સર્વશ્રેષ્ઠ સ્ક્રીન પ્લેનો પુરસ્કાર જીત્યો.
- ભારત અને રવાન્ડાએ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીની રવાન્ડા યાત્રા દરમ્યાન નવોન્મેષ, ઉડ્ડયન ક્ષેત્રો તથા વિઝા જરૂરિયાતો સંબંધી ત્રણ સમજૂતી કરાર કર્યા.
- નાગાલેન્ડમાં સત્તાધારી નાગા પીપુલ્સ ફ્રન્ટ (એનપીએફ)ના અધ્યક્ષ શુરહોજેલી લિયેજિત્સુ સર્વસંમતિથી પાર્ટી વિધાયક દળના નેતા ચૂંટાયા. તેઓ રાજ્યના નવા મુખ્યમંત્રી બનશે.
- અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લેફ્ટનન્ટ જનરલ હરબર્ટ રેમન્ડ મેકમાસ્ટરને પોતાના નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નિયુક્ત કર્યા.
- સીપરીના એક અહેવાલ મુજબ, ભારત પાછલા પાંચ વર્ષોમાં મોટા હથિયારોની આયાત કરનાર દુનિયાનો સૌથી મોટો આયાતકાર રહ્યો.
- ટીસીએસે વી રામા કૃષ્ણનને મુખ્ય નાણાકીય અધિકારી (CFO) નિયુક્ત કર્યા.
- રિલાયન્સ જીયોએ ઉબર સાથે વ્યુહાત્મક ભાગીદારીની ઘોષણા કરી. આ દ્વારા ઉબરના ગ્રાહક રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રિપેડ વોલેટ દ્વારા પેમેન્ટ કરી શકશે.
- દુનિયાનું પ્રથમ ઇન્ટર ઓપરેબલ પેમેન્ટ એક્સેપ્ટન્સ સોલ્યુશન ભારત ક્યૂઆર કોડ લોન્ચ કરવામાં આવ્યુ.
- ડિશ ટીવીએ ડિજિટલ પેમેન્ટ માટે આઈસીઆઈસીઆઈ બેંક સાથે સમજૂતી કરી.
- સ્વીત્ઝર્લેન્ડ સરકારે સેબસ્ટીયન હગને બેંગલુરુમાં તેના મહાવાણિજ્ય દૂત નિયુક્ત કર્યા.
- નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગણપતિ રાજુ ઉત્તર દિલ્હીમાં ભારતના પ્રથમ હેલીપોર્ટનું ઉદઘાટન કરશે.
- મહરિબાન અલીયેવને અજરબૈજાનના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ પ્રથમ મહિલા ઉપરાષ્ટ્રપતિ પણ છે.

- 4 કરોડથી વધુ ફોલોઅર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફેસબુક પર સૌથી વધુ ફોલો કરવામાં આવેલ નેતાઓમાં શીર્ષ પર.
- ક્રેસિડા ડિકને લંડનની મેટ્રોપોલિટન પોલીસના કમિશનર નિયુક્ત કરવામાં આવ્યાં. તેઓ સ્કોટલેન્ડ યાર્ડનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા બન્યાં.
- આંતરરાષ્ટ્રીય મોનેટરી ફંડ અનુસાર ભારતનો વૃદ્ધિ દર 2016-17માં ઘટીને 6.6% રહેવાનું અનુમાન.
- ચીન અને ફ્રાન્સે પરમાણુ ઊર્જા અને વિજ્ઞાન ક્ષેત્રે ઘણી સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા.
- ભારતી એરટેલે ટેલીનોર ઇન્ડિયાના વ્યવસાયનું 7,000 કરોડ રૂપિયામાં અધિગ્રહણ કરવાની ઘોષણા કરી.
- સરકારે યુનાન દ્વિપક્ષીય વાયુ સેવા કરાર પર હસ્તાક્ષરને મંજુરી આપી. આથી બંને દેશોની એરલાઈન્સને એક બીજાનાં ક્ષેત્રમાં ઉડાન કરવાની અનુમતિ મળશે.
- અર્થશાસ્ત્ર માટે સૌથી નાની વયમાં નોબલ પુરસ્કાર મેળવનાર કેનેથ જે એરોનું નિધન થઇ ગયું.
- ભારત સરકારે ઇઝરાયેલ સાથે સપાટીથી હવામાં માર કરનાર મધ્યમ શ્રેણીની મિસાઈલ (એમઆર-એસએએમ) સંયુક્ત રીતે વિકસાવવા માટે 17000 કરોડ રૂપિયાના સોદાને મંજુરી આપી.
- બ્રિટનમાં ભારતીય મૂળના વરિષ્ઠ સાંસદ વીરેન્દ્ર શર્મા ભારત-બ્રિટન સંબંધોમાં તેમના ઉલ્લેખનીય યોગદાન માટે પ્રથમ 'ડૉ. સત્ય પોલ મેમોરિયલ એવોર્ડ'થી સન્માનિત.
- ભારતે બાંગ્લાદેશનાં શહેર સિલહટના સતત વિકાસ માટે નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવા માટે MoU પર હસ્તાક્ષર કર્યા.
- હિન્દીના પ્રખ્યાત લેખક ડૉ. નામવર સિંહની સાહિત્ય એકેડમીની ફેલોશિપ માટે પસંદગી.
- ભારતીય નેવિના વિમાન વાહક જહાજ INS વિરાટનું 6 માર્ચના રોજ સેવામાંથી ડિકમિશન કરવામાં આવશે.
- રેલ મંત્રી સુરેશ પ્રભુએ એક નવી અને સંપૂર્ણ રીતે અનારક્ષિત ટ્રેન અંત્યોદય એક્સપ્રેસનો 'આમ આદમી' માટે શુભારંભ કર્યો.

crackgpsc.com

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by...
એમ. કે. સર
87340 98198

- સરકારે મોબાઈલ ફોન અને પર્સનલ કોમ્પ્યુટર માટે 'મ્કવાચ' અને 'સંવિંદ' નામના મફત એન્ટી વાયરસ સોફ્ટવેરની શરુઆત કરી.
- જોન જોન ડોમેન અને નાઓમી વાન એસને આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘે વર્ષ 2016ના ક્રમશઃ સર્વ શ્રેષ્ઠ પુરુષ અને મહિલા ખેલાડીના પુરસ્કારથી સન્માનિત કર્યા.
- ટાટા સમૂહની ઇન્ડિયન હોટેલ્સ કંપની લિ.એ એન. ચંદ્રશેખરનને પોતાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ચેરમેન ચૂંટ્યા.
- નવમું બ્રિકસ સંમેલન ચીનના શિયામેન શહેરમાં આયોજીત થશે.
- પ્રખ્યાત મલયાલમ લેખક એમ પી વીરેન્દ્રકુમારને ભારતીય જ્ઞાનપીઠનો 30મો મૂર્તિદેવી પુરસ્કાર આપવામાં આવશે.
- રવિચંદ્રન અશ્વિને ડોમેસ્ટિક ટેસ્ટ શ્રેણીમાં ભારત તરફથી સર્વાધિક વિકેટ લઈને કપિલ દેવને પાછળ છોડ્યા.
- 28 ફેબ્રુઆરી : નેશનલ સાયન્સ ડે. આ દિવસે સર સીવી રામન દ્વારા રામન પ્રભાવની શોધ માટે 1986થી આ દિવસ મનાવવામાં આવે છે. તેઓને 1930માં ફિઝીક્સનો નોબેલ પુરસ્કાર મળ્યો હતો.
- હરિયાણા સરકારે તમામ ખાનગી શાળાઓમાં સોલર સિસ્ટમ સ્થાપિત કરવી અનિવાર્ય કરી.
- શિલ્પા શેટ્ટીની સરકારની સાફ-સફાઈની પહેલ 'સ્વચ્છ ભારત મિશન'ની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદગી કરવામાં આવી.
- ભારતે પુરુષો અને મહિલાઓની સ્પર્ધામાં ફાઈનલમાં ઈરાનને હરાવીને રોલબોલ વિશ્વ કપ 2017 જીત્યો.
- ભારતે 2016માં 46 અબજ ડોલર્સના પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ને આકર્ષિત કર્યું.

Current InShort
Most IMP and up to date
Current affairs in SHORT
for all Competitive Exams.
Download app Now
www.crackgpsc.com

Also Like : /crackgpsc

# યુનિયન બજેટ 2017-18

- રેલવે બજેટને સામાન્ય બજેટમાં ભેળવી દેવાનું ઐતિહાસિક પગલું.
- દેશમાં ૫૦ લાખ કરતાં વધુ આવક દર્શાવનાર લોકોની સંખ્યા માત્ર ૧.૭૨ લાખ.
- નોટબંધી દરમિયાન ૧.૦૯ કરોડ ખાતામાં ૨.૮૦ લાખ કરોડ જમા થયા.
- ૩ લાખ સુધીની આવકવાળાને ઇન્કમટેક્ષ નહિ.
- ૩-૫ લાખ આવક પર પાંચ ટકા ટેક્સ.
- ૫૦ લાખથી એક કરોડ રૂપિયાની વાર્ષિક આવક પર ૧૦ ટકા સરચાર્જ.
- એક કરોડ રૂપિયાથી વધુની આવક પર ૧૫ ટકા સરચાર્જ.
- ત્રણ લાખથી વધારે કેશ લેવડ દેવડ ઉપર પ્રતિબંધ.
- કેપિટલ ટેક્સ મર્યાદા ત્રણ વર્ષથી ઘટાડીને બે વર્ષ કરવામાં આવી.
- એક સાથે રૂપિયા ત્રણ લાખથી વધુના ટ્રાન્ઝેક્શન પર પ્રતિબંધ.
- ૫૦ કરોડ સુધીનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતી કંપનીઓએ ૩૦ ટકાને બદલે હવે ૨૫ ટકા જ કોર્પોરેટ ટેક્ષ ચૂકવવો પડશે. દેશની ૯૦ ટકા કંપનીઓને સીધો ફાયદો.
- મેટને હાલ ખતમ નહિ કરવાનો અને ૧૫ વર્ષ સુધી જારી રાખવાનો નિર્ણય.
- એલ.એન.જી. પરની કસ્ટમ ડ્યુટી ઘટાડીને ૨.૫ ટકા કરાઈ.
- રાજકીય પક્ષો રોકડેથી ૨૦૦૦ રૂપિયાથી વધુનું ફંડ નહિ લઇ શકે.
- એફ.આઈ.પી.બી.ને રદ કરવામાં આવશે અને એફ.ડી.આઈ. પોલિસી વધુ અનુકૂળ બનાવાશે.
- વેપારીઓને કેશલેસ ટ્રાન્ઝેક્શન તરફ વાળવા માટે પ્રોત્સાહક યોજનાઓ.
- બેંકો માર્ચ સુધી ૧૦ લાખ પીઓએસની ફાળવણી કરશે.
- આધાર કાર્ડથી પેમેન્ટ કરવા માટે નવાં ૨૦ લાખ મશીનો મુકાશે.
- દર વર્ષે ૨૫૦૦ કરોડ રૂપિયા સુધી ડિજિટલ પેમેન્ટનું લક્ષ્ય.
- ધાર્મિક યાત્રાઓ માટે નવી ટ્રેનો.
- વરિષ્ઠ નાગરિકો માટે ૮ ટકાના ગેરેન્ટેડ વ્યાજ સાથે એલ.આઈ.સી. દ્વારા નવી યોજના.
- રેલવેના વિકાસ માટે ૧.૩૨ લાખ કરોડની ફાળવણી.
- ૩૫૦૦ કિ.મી.ની નવી રેલવે લાઈનો નાંખવામાં આવશે.
- મેડીકલ પીજીના કોર્સમાં ૫૦૦૦ બેઠકોનો વધારો.
- ભારત નેટ યોજના માટે ૧૦૦૦૦ કરોડની જોગવાઈ.
- નાબાર્ડ માટે ૨૦૦૦૦ કરોડની જોગવાઈ.

crackgpsc.com

- ❖ પાક વીમા માટે ૯૦૦૦ કરોડની ફાળવણી.
- ❖ બેંકોના રિકેપિટલાઇઝ માટે ૧૦૦૦૦ કરોડની ફાળવણી.
- ❖ નેશનલ હાઈવે માટે ૬૪૯૦૦ કરોડની ફાળવણી.
- ❖ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૦૧૯ સુધીમાં એક કરોડ નવાં મકાનોનું નિર્માણ.
- ❖ દેશના દરેક ગામડાનું ૧લી મે ૨૦૧૯ સુધીમાં ૧૦૦ ટકા વીજળીકરણ.
- ❖ ૨૦૧૭-૧૮ માં ૪.૧ ટકાનો કૃષિ વિકાસ દર હાંસલ કરવાનું લક્ષ્ય.
- ❖ આગામી પાંચ વર્ષમાં (૨૦૨૨ સુધીમાં) ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય.
- ❖ ૨૦૧૯ સુધીમાં ૫૦૦૦૦ પંચાયતો ગરીબી મુક્ત થશે.
- ❖ ૨૦૧૯ સુધીમાં ૧ કરોડ લોકોને પાકા ઘર.
- ❖ મનરેગા માટે રેકોર્ડ ૪૮૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી, તેના અંતર્ગત ગામોમાં ૧૦ લાખ તળાવો બનાવવામાં આવસે.
- ❖ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી બનાવવામાં આવશે. સીબીએસઇ પ્રવેશ પરીક્ષા નહિ લે.
- ❖ ૬૦૦ જિલ્લામાં પીએમ કૌશલ કેન્દ્ર.
- ❖ ૨૦૨૨ સુધીમાં ૫ લાખ યુવાઓને રોજગાર તાલીમ.
- ❖ ૨૦૨૫ સુધી ટીબીની બિમારીને ખતમ કરાશે.
- ❖ આવાસ યોજના હેઠળ ૨૦૦૦૦ કરોડની લોન આપવામાં આવશે.
- ❖ દલિત વર્ગ માટે ૫૨૩૯૩ કરોડ.
- ❖ રેલવે માટે ૧ લાખ રૂપિયાથી રેલ રક્ષા કોષ બનાવવામાં આવશે જેનાથી યાત્રીઓની રક્ષામાં સુધારો થશે.
- ❖ ૨૦૧૯ સુધીમાં બધી ટ્રેનોમાં બાયો ટોયલેટ બનશે.
- ❖ BHIM એપ દ્વારા વેપારીઓ માટે કેશબેકની સુવિધા.
- ❖ ડિજિટલ ઇંડિયા માટે JAM યોજના.
- ❖ ૧.૫૦ ગામોમાં બ્રોડબેંડ સુવિધા આપવામાં આવશે.
- ❖ શેરબજારમાં આઈઆરસીટીસી કંપની તરીકે લિસ્ટેડ થશે.
- ❖ રેલવેની ઈ ટિકિટ પર સર્વિસ ચાર્જ નહિ.
- ❖ સ્વચ્છ રેલ માટે ક્લીન માય કોચ યોજના શરૂ થશે.
- ❖ મહિલા શક્તિ કેન્દ્ર બનશે.
- ❖ ગર્ભવતી મહિલાઓને ૬૦૦૦ રૂપિયા અપાશે.
- ❖ ૩૫૦ ઓનલાઈન કોર્સની શરૂઆત થશે.
- ❖ સ્કીલ ઇન્ડિયા માટે ૧૦૦૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો.

crackgpsc.com

- ૨૦૨૨ સુધી સ્કીલ ઇન્ડિયા હેઠળ પાંચ લાખ લોકોને ટ્રેનિંગ અપાશે.
- પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનામાં ૨૭૦૦૦ કરોડ ખર્ચ કરાશે.
- ગરીબ ગ્રામીણ પરિવારને ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજગારી અપાશે.
- શિક્ષણ ક્ષેત્રમાં ૧,૩૦,૦૦૦ કરોડની ફાળવણી.
- ગુજરાત અને ઝારખંડમાં એમ્સ સ્થાપિત કરવાની જાહેરાત .
- સાબરમતી આશ્રમના ૧૦૦ વર્ષની ઉજવણી કરવાનો નિર્ણય.

crackgpsc.com



# ગુજરાત બજેટ 2017-18

- નીતિન પટેલે રજૂ વર્તમાન ગુજરાત સરકારનું છેલ્લું અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારનું પ્રથમ બજેટ.
- બજેટનું કદ 1,72,179 કરોડ છે. નીતિન પટેલ દ્વારા 239.16 કરોડની પુરાંતવાળું બજેટ રજૂ કર્યું. જેમાં 1,31,521.23 કરોડની મહેસૂલી આવક અને 1,25,455.63 કરોડના મહેસૂલી ખર્ચનો સમાવેશ થાય છે.
- સ્માર્ટ સિટી યોજના અંતર્ગત અમદાવાદ સુરત અને બરોડામાં સીસીટીવી કેમેરા.
- અમદાવાદ મેટ્રો માટે 60 કરોડ. સુરત મેટ્રો માટે 10 કરોડની ફાળવણી.
- સુરતમાં ડાયમંડ ડ્રીમ સીટી સહાય માટે 30 કરોડની ફાળવણી.
- 8 મહાનગર પાલિકા અને 132 નગરપાલિકાના અનુદાનની રકમમાં 10 ટકાનો વધારો.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ 45000 ની કિંમતના આવાસોનું બાંધકામ કરાશે.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે 100 કરોડની જોગવાઈ.
- સખીમંડળની રચના માટે 66 કરોડની જોગવાઈ.
- સતત ચોથી વાર સમરસ પંચાયત બનનારી ગ્રામ પંચાયત અને મહિલા સમરસ બનનારી ગ્રામ પંચાયત માટે વિશેષ અનુદાન અપાશે, આ હેતુ માટે 72 કરોડની જોગવાઈ.
- રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ માટે 600 કરોડની જોગવાઈ.
- કલા મહાકુંભ માટે યુવાનો અને બાળકોની કલાને પ્રોત્સાહન આપવા 10 કરોડની ફાળવણી.
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે 400 નિવાસી ખેલાડી માટે છાત્રાલયનું બાંધકામ કરાશે.
- અખાડા ક્ષેત્રે જિવન સમર્પિત કરાતા મહાનુભાવોને જ્યોતિધર અંબુભાઈ પુરાણી એવોર્ડ અપાશે અને સાધનોનું વિતરણ કરાશે.
- ગ્રાન્ટેડ લાઈબ્રેરીની જાળવણી માટે સરકારી સહાયમાં 50 ટકાનો વધારો કરાયો.
- કાયદો અને વ્યવસ્થા માટે 5000 કરોડની જોગવાઈ.
- ટ્રાફિકના સરળ સંચાલન માટે વધુ 1000 ટ્રાફિક પોલીસ મેનની ભરતી કરાશે.
- 6 યાત્રાધામની સાથે તમામ જિલ્લા મથકોએ સીસીટીવી લગાવાશે.
- ઈ ગુજકોપ પ્રોજેક્ટ હેઠળ 30 નવાં સ્માર્ટ પોલીસ સ્ટેશન.

crackgpsc.com

- સ્ત્રી વિરુદ્ધના ગુનાની તપાસ માટે 26 સ્પેશ્યલ યુનિટ રચાશે.
- ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ, ગ્રામિણ પ્રોપર્ટી કાર્ડ આપવાની પદ્ધતિ અમલમાં લવાશે.
- કૃષિ અને સહકાર વિભાગનુ નામ બદલી કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ કરાયું.
- ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી સ્થપાશે.
- 60 એપીએમસીમાં ઓનલાઈન હરાજી માટે e-nam સવલત.
- રાજકોટ, માંડવી, પંચમહાલમાં પશુ માટે ફ્રોઝન સિમેન સ્ટેશન બનાવાશે.
- અનુ.જાતિ-અનુ.જનજાતિના લાભાર્થી માટે ડો. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના.
- પ્રવાસન નિતિને પ્રોહત્સાહન આપવા 35 કરોડ.
- માછીમારોને કેરોસીન પુરૂ પાડવા 33.50 કરોડની જોગવાઈ.
- શ્રવણ તીર્થ દર્શન યોજના માટે 4 કરોડની જોગવાઈ.
- 8 નવાં બંદર સ્થાપવાની જોગવાઈ. માંગરોળ, નવા બંદર, વેરાવળ, પોરબંદર, સુત્રાપાડા, ઓખા અને ભદ્રેશ્વર ખાતે નવાં બંદર સ્થપાશે.
- સરદાર કૃષિ જ્યોતિ યોજના અંતર્ગત લાઈન અને કંડક્ટર બદલવા 100 કરોડની ફાળવણી.
- સોલાર હોમ લાઈટિંગ સ્કીમ હેઠળ 181 કરોડની ફાળવણી.
- મહેસાણામાં મોઢેરા ગામની નજીક સૌર ઉર્જાથી વીજ જરૂરિયાત પુરી પડાશે.
- ખેડૂતોને વીજ પુરવઠો પાડવા માટે 248 કરોડની જોગવાઈ, ઓછી આવક ધરાવતા 32 હજાર પરિવારોને મફત ઘરેલુ વિજ જોડાણ આપવાનો લક્ષ્યાંક.
- શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ માટે 11, 500 કરોડની જોગવાઈ.
- યુવા સ્વાવલંબન યોજના માટે 1100 કરોડ.
- શિક્ષણ વિભાગ માટે 25000 કરોડની જોગવાઈ.
- રાજ્યમાં 37 નવા પુલનું બાંધકામ હાથ ધરાશે.
- શ્રમિકોને ગુણવત્તાયુક્ત આહાર માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના.
- સ્ટાર્ટઅપ નીતિ અન્વયે પ્રોત્સાહન માટે 17 કરોડની જોગવાઈ.
- શ્રમિકોને ધન્વંતરી એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવશે.
- સ્વચ્છતા મિશન, સ્વચ્છ ભારત માટે 255 કરોડની જોગવાઈ.
- બાંધકામ શ્રમિકોના આહાર માટે 10 શહેરોમાં અન્નપૂર્ણા યોજના.
- ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા 1600 નવી બસો શરૂ કરાશે.
- મોબાઈલ સ્વચ્છતા સ્ક્વોડની રચના માટે 10 કરોડની જોગવાઈ.

crackgpsc.com

- મુખ્યમંત્રી સ્વાવલંબી યોજના માટે રૂ.25 હજાર કરોડની જોગવાઈ.
- 60,60,000 પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીને મફત પુસ્તક અને પહેરવેશ અપાશે.
- ગુજરાત માર્ગ સલામતી સોસાયટીની રચના કરાશે.
- વૃંદાવન ગ્રામ માટે રૂ.10 કરોડની જોગવાઈ.
- CHC માટે 221 કરોડની જોગવાઈ કરવામાં આવી.
- સિમાંત અને સામાન્ય ખેડૂતોની સબસીડી વધારી 50 ટકાના બદલે 70 ટકા કરાઈ.
- અંબાજી, દ્વારકા અને સોમનાથમાં હેલિકોપ્ટર સેવા શરૂ કરવાની દરખાસ્ત.
- અમદાવાદ વડોદરા રાજકોટ માર્ગને સિક્સ લેનમાં ફેરવાશે.
- 3500 કિલોમીટર લંબાઈના રસ્તાનું બાંધકામ શરૂ કરાશે.
- ગુજરાતમાંથી સિવીલ સર્વિસ પાસ કરનાર તમામને સ્ટાઈપેન્ડ આપાશે.
- ધોરણ 12 બાદ મેડિકલના અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓની 100% ફી સરકાર ભરશે.

**અમારી YouTube ચેનલ 'Crack GPSC' પર જોડાઓ,**
**SUBSCRIBE કરો અને કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો.**

https://www.youtube.com/watch?v=V1IrvcDs_D4&t=28s

